જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૪/૨૦૧૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-     સમાચાર યાદી નં.૭૮૬/૧૫

## ઈસ્કોન મોલના લોકરમાંથી ૨ કરોડથી વધુ ની ચોરી કરનાર ઈસમને શોધી કાઢતી ક્રાઈમ બ્રાન્ચઃ-

ક્રાઈમ બ્રાન્ચઃ પરેશ બીપીનભાઇ પંડ્યા (મેનેજર) (રહે.દેવનંદન એપાર્ટમેન્ટ, ચાણક્યપુરી બ્રીજની બાજુમાં, ઘાટલોડિયા) એ ક્રાઈમ બ્રાન્ચ ખાતે અરજી આપી હતી કે તા.૧૫/૪/૧૫ ના પહેલા ઇસ્કોન મેગામોલના બેઝમેન્ટમાં આવેલ આદીત્ય સેઇફ ડીપોઝીટ વોલ્ટ (ઇસ્કોન ગૃપ) માં લોકર નંબર ૪૯૨ માંથી ડુપ્લીકેટ ચાવી બનાવીને કિંમતી ડોક્યુમેન્ટો, રોકડ રકમ તથા દાગીનાની અજાણી વ્યક્તિ ચોરી લઈ ગઈ છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીશ્રીઓએ પરેશભાઈના લોકરરૂમમાં રાખવામાં આવેલ સીસીટીવી કુટેજ જોતા એક ઇસમ શંકાસ્પદ હરકતો કરી લોકરધારક ચાવીઓનો ઝુડો લઇ પોતાના લોકર સિવાય અન્ય લોકરોમાં આડાઅવળી ચાવીઓ નાખી લોકર ખોલવાનો પ્રયત્ન કરી લોકરમાંથી કિંમતી ડોક્યુમેન્ટ તથા રોકડ રકમ લઇ બે ત્રણ થેલા ભરી લઈ જતાની કુટેજ જોતા આરોપી દેવાંશ ભરતભાઇ અમીન (ઉ.વ.૨૪) (રહે. પુર્વી ટાવર, એવન સ્કુલની સામે, સુભાષ ચોક, ગુરુકુળ રોડ) જણાઈ આવતા આરોપી દેવાંશ અમીન ને બે-ત્રણ વાર પુછપરછ કરતા તા.૨૦/૪/૧૫ ના રોજ ચોરી કરેલાનુ કબુલ્યુ હતુ તેમજ દેવાંશ અમીન પાસેથી રૂપિયા ૧,૯૯,૯૮,૦૦૦/- સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ છે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધી ગુનાની વધુ તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.ચાવડા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)